# પ્રકરણ-4.કરભરનારનો રહેઠાણનો દરજ્જો
# (RESIDENTIAL STATUS OF AN ASSESSEE)

**[1] અર્થઃ** કરદાતાની કર અંગેની જવાબદારી નક્કી કરવા માટે આવકવેરા કાયદામાં વ્યક્તિગત કરદાતાની પાછલા વર્ષ દરમિયાન ભારતમાં હાજરીને આધારે તેમને જુદા જુદા ત્રણ દરજ્જામાં વહેંચવામાં આવે છે,તેને રહેઠાણનો દરજ્જો કહે છે. રહેઠાણના દરજ્જાના ત્રણ પ્રકારો નીચે મુજબ આપવામાં આવ્યા છે.

**(1) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિઃ** નીચેની બે મૂળભૂત શરતો પૈકી કોઇ પણ એક શરતનું પાલન થાયતો કરદાતા રહીશ બને છે.

**મૂળભૂત શરતોઃ**

1) કરદાતા પાછલા વર્ષ દરમિયાન કુલ 182 દિવસ કે વધુ સમય ભારતમાં હાજર હોય.

**અથવા**

2) કરદાતા પાછલા વર્ષ દરમિયાન કુલ 60 દિવસ કે વધુ સમય ભારતમાં હાજર હોય અને તેની અગાઉના ચાર વર્ષો દરમિયાન કુલ 365 દિવસ કે વધુ સમય ભારતમાં હાજર હોય.

Prof Dharmendra A Patel, N P Patel Commerce College, Naroada

**નોંધઃ**

➢ નોકરી કરવા કે સ્વરોજગાર માટે વિદેશ જનાર ભારતીય નાગરીક અથવા વહાણના કર્મચારી તરીકે પાછલા વર્ષ દરમિયાન ભારત બહાર જનાર માટે પ્રથમ શરતનું પાલન થવું જરૂરી છે.તેને બીજી શરત લાગુ પાડી શકાતી નથી.

➢ જે વ્યકિત ભારતીય નાગરીક કે મૂળ ભારતીય વંશજ હોય અને પાછલા વર્ષ દરમિયાન ભારતની મુલાકાતે આવે અને જેની વિદેશી સ્ત્રોત સિવાયની આવક 15 લાખથી વધુ ના હોય તેના માટે પ્રથમ શરતનું પાલન થવું જરૂરી છે.તેને બીજી શરત લાગુ પાડી શકાતી નથી.

➢ મૂળ ભારતીય વંશજ કે જેની વિદેશી સ્ત્રોત સિવાયની આવક 15 લાખથી વધુ હોય તેના માટે પ્રથમ શરત અથવા બીજી શરત લાગુ પડે, પરંતુ બીજી શરતમાં 60ને બદલે 120 દિવસ ગણવાના રહેશે.

➢ પરંતુ વર્ષ દરમિયાન નોકરી ધંધાના કામ માટે નિયમિત રીતે વિદેશ જનાર ભારતીય નાગરીક અને મૂળ ભારતીય વંશજને બીજી શરત લાગુ પાડી શકાય છે

➢ હાજરી સળંગ કે સતત હોવી જરૂરી નથી.જે તે વર્ષ દરમિયાન આવ્યા અને ગયા તારીખ સહિતની ટુકડે ટુકડે હાજરીનો સરવાળો કરીને શરતની ચકાસણી કરવામાં આવે છે.

**(2) રહીશ અને સામાન્ય રહીશ:** રહીશનો દરજ્જો પ્રાપ્ત કરનાર કરદાતા નીચેની વધારાની બે શરતોનું પાલન કરે તો જ તે સામાન્ય રહીશ બને છે.

1) રહીશ વ્યકિત પાછલા વર્ષની અગાઉના 10 વર્ષોમાંથી ઓછામાં ઓછા 2 વર્ષ માટે ભારતમાં રહીશ હોવી જોઈએ.

**અને**

2) રહીશ વ્યકિત પાછલા વર્ષની અગાઉના 7 વર્ષ દરમિયાન કુલ 730 દિવસ કે વધુ સમય માટે ભારતમાં હાજર રહી હોવી જોઈએ.

**નોંધ:** <u>ઉપરની બંન્ને શરતોનું પાલન થવું જરૂરી છે.</u>

**(3) બિન રહીશ:**

1) રહીશ બનવા માટેની એક પણ શરતનું પાલન થતું ન હોય ત્યારે તે વ્યકિત બિન રહીશ ગણાય છે.

Prof Dharmendra A Patel, N P Patel Commerce College, Naroada

## [2] રહેઠાણનો દરજ્જો અને કર ભરનારની જવાબદારી અંગેના નિયમો

- **રહીશ અને સામાન્ય રહીશ:** આ પ્રકારનો દરજ્જો ધરાવનાર વ્યક્તિ નીચેની આવકો અંગે ભારતમાં કર ભરવા જવાબદાર બને છે.

I. ભારતમાં મળેલી, ભારતમાં લેણી થયેલી કે ભારતમાં ઉપજેલી ગણાતી તમામ આવકો અંગે.

II. ભારત બહાર મળેલી, લેણી થયેલી કે ભારત બહાર ઉપજેલી ગણાતી તમામ આવકો અંગે

- **રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ:** આ પ્રકારનો દરજ્જો ધરાવનાર વ્યક્તિ નીચેની આવકો અંગે ભારતમાં કર ભરવા જવાબદાર બને છે.

I. ભારતમાં મળેલી, ભારતમાં લેણી થયેલી કે ભારતમાં ઉપજેલી ગણાતી તમામ આવકો અંગે.

II. ભારત બહાર મળેલી, લેણી થયેલી કે ભારત બહાર ઉપજેલી ગણાતી એવી આવકો કે જેની સાથે સંકળાયેલ ધંધા કે વ્યવસાયનું સંચાલન કે નિયંત્રણ ભારતમાંથી થતુ હોય.

- **બિન રહીશ:** આ પ્રકારનો દરજ્જો ધરાવનાર વ્યક્તિ નીચેની આવકો અંગે ભારતમાં કર ભરવા જવાબદાર બને છે.

I. ફક્ત ભારતમાં મળેલી, ભારતમાં લેણી થયેલી કે ભારતમાં ઉપજેલી ગણાતી તમામ આવકો અંગે

Prof Dharmendra A Patel, N P Patel Commerce College, Narmada